सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૫ સપ્ટેમ્બર-૨૦૦૫ અંક - ૨

## વાલીઓને,

છેલ્લા કેટલાક સમયથી હૃદયરોગનાં નિષ્ણાતો, યુવાનોમાં જે ઊંચા લોહીનું દબાણ તેમજ હાર્ટએટેકનો પણ વધારો થયો છે તેનાથી ચિંતિત છે. આજે અસાધારણ પ્રમાણમાં ૧૨ થી ૧૮ વર્ષની ઉંમરના કિશોરોમાં પણ ઊંચા લોહીના દબાણનું અસ્તિત્વ ચિંતા તેમજ ચિંતનનો વિષય બન્યો છે.

આમ થવાનાં અનેક કારણો છે.ચરબીથી ભરપૂર ફાસ્ટફૂડ અને બેઠાડું જીવન તો છે જ, પરંતુ આ સિવાય પણ અનેક રીતે તેમનાં માનસ ઉપર દબાણો આવી રહયા છે. કેરીયર બનાવવી, ઊંચા ગુણ લાવવા, પ્રતિસ્પર્ધીનો મુકાબલો કરવો, આવી અનેક બાબતો આ ઉંમરનાં બાળકો માટે સાહજિક બની ગઈ છે. સવારનો વ્યાયામ મળે તેવી વ્યાયામ શાળાઓ શહેરમાં કે નગરોમાં દેખાતી નથી. એટલું જ નહિ પણ ઘર આંગણે સાદી કસરત તો ઠીક પરંતુ શ્રમયુક્ત કોઈ કાર્ય તેઓને કરવાનું રહેતું નથી. તેમનાં ઉપર અભ્યાસની જવાબદારી છે તેમ સમજી તેમને આ જરૂરી શ્રમથી પણ મુક્ત કરીએ છીએ. થોડાક અંતરે પણ યાંત્રિક વાહન દ્વારા જવાનું વલણ વધ્યું છે. આ પ્રશ્ન જેટલો વકર્યો છે તેની ગંભીરતા વાલીઓ સુધી હજી પહોંચી જણાતી નથી. શાળાઓમાં થતાં મેડીકલ ઈન્સ્પેકશન સમયે પણ ઊંચા લોહીનાં દબાણનું પ્રમાણ ઠીક પ્રમાણમાં જોવામાં આવ્યું છે. 'પહેલું સુખ તે જાતે નર્યા'. આજે શરીરની તંદુરસ્તીની ચિંતાનો ક્રમ છેલ્લે મુકાઈ ગયો છે તે કમનસીબ છે.

ડૉ. રમેશભાઈ કાપડીયા આપણી શાળામાં યુનિવર્સલ હાર્ટ હીલીંગના કાર્યક્રમો મંગળ અને શુક્રવારે સાંજે કરે છે. પરંતુ આ કાર્યક્રમો તો જેઓ આ રોગનો ભોગ બન્યા છે તેમને માટે અથવા તે થવાની શકયતા પોતાને લાગતી હોય તેઓ આનો લાભ લે છે. એમની ઈચ્છા અને તૈયારી બાળકોમાં આ મહારોગનું પ્રમાણ નાબૂદ કરવા વિદ્યાર્થીઓ માટે પણ કાર્યક્રમ શાળામાં મુકાય, તેવો તૈયાર કરવાની ઈચ્છા ધરાવે છે. આ માટે શાળા જરૂર પ્રયત્ન કરશે અને આ જયારે કરવાનો થાય ત્યારે આપ આપનાં બાળક માટે તેની જરૂરીયાત સમજીને અવશ્ય તે કાર્યક્રમનો લાભ વિદ્યાર્થી લે તે જોશો.

દિનુભાઈ
ના વંદન

શિક્ષણમાંથી સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે સામાન્ય માણસ ઉઠીને ઉભો થાય, અન્યાય નિવારણ માટે લડતા શિક્ષણનું ખરૂં કામ આ છે.

શિક્ષણ ખાતર શિક્ષણની , સાહિત્યને ખાતર સાહિત્યની, સેવા ખાતર સેવાની એ ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય તો શિક્ષણ, સાહિત્ય, સેવા આ બધું નકામું છે.

- મનુભાઈ પંચોળી

## સ્મૃતિચિત્રો

### એકાઉન્ટન્ટ શ્રી મણીભાઈ શાહ

આજથી ૫૦ વર્ષ પહેલાં સંસ્થામાંથી ઘણા જૂના એકાઉન્ટન્ટ નિવૃત્ત થયા હોઈ સંસ્થાને એકાઉન્ટન્ટની જરૂર હતી અને સારા એકાઉન્ટન્ટ શોધવા માટેના પ્રયત્નો ચાલુ હતાં એવામાં જ એક દિવસ જાણીતા સાહિત્યકાર શ્રી જયભિખ્ખુ (શ્રી બાલાભાઈ દેસાઈ) નો ફોન આવ્યો કે અમારા પ્રેસમાં કામ કરતાં એક મુનીમ કે જેને નોકરીની ખૂબ જરુરીયાત છે તેવા હવે પ્રેસની વ્યવસ્થા બદલાતાં છૂટાં થાય છે અને તમારા જેવી સંસ્થામાં તે હોય તેમ હું ઈચ્છુંછું. તેમણે ઉમેર્યું કે તમે જણાવતા હો તો એમને મળવા મોકલું. ખૂબ જ મહેનતુ, ચોક્કસ અને પ્રામાણિક છે છતાં તમારી રીતે તમે જોઈ લેશો.

જયભિખ્ખુ જેવાની ભલામણ હોય એટલે પૂરા વિશ્વાસ સાથે તેમને અમે લીધા.બહુ થોડા સમયમાં તેમણે સંસ્થાનું સંપૂર્ણ એકાઉન્ટન્ટનું કામ સંભાળી લીધું એટલું જ નહિ પણ એકાઉન્ટની બાબતમાં સલાહ સૂચનો પણ કરે. કોઈ વસ્તુઓ લેવાની હોય અને તે વસ્તુ આપનાર ડીપોઝીટની રકમ માગે તો વિવેકપૂર્વક કહે 'દિનુભાઈ સંસ્થા પોતાનું સ્થાન છોડી ભાગી જવાની નથી પછી આવી ડીપોઝીટ શા માટે આપવી ? એ નહીં તો બીજા પાસેથી આપણને વસ્તુઓ તો મળી રહેશે.' આમ અનેક વખત તેમણે આ પ્રકારે કહ્યાનું યાદ છે. પૂરેપૂરી ચીવટથી બધી જ રકમો જુદા જુદા કવરમાં ઉપર નામ લખીને મૂકે.

એમને પાઈલ્સની વ્યાધી હતી. એટલે કયારેક કયારેક આવવામાં અનિયમિતતા થતી પરંતુ એક વખત સળંગ પાંચેક દિવસ ન આંવતાં તપાસ કરી તો સમાચાર મળ્યા કે તેઓ પાઈલ્સની વ્યાધીથી અતિશય પીડાય છે. તેઓ સાંકડીશેરીમાં રહેતા હતાં એટલે તેમની તબિયત જોવા હું તેમને ઘેર ગયો. તબિયત ખૂબ જ નંખાઈ ગયેલી હતી છતાં મારા જવાથી અત્યંત લાગણીશીલ બની ગયા હતાં. મેં એમને જણાવ્યું તમે કોઈ રીતે મૂંઝાશો નહી અને સંસ્થાનું કામ આપણે આપણી રીતે પૂરું કરીશું પરંતુ તે વખતે પણ તેઓ એકાઉન્ટના ઉચાટ સેવતા હતા.તેમની તબિયત જોઈને હું ઘેર આવ્યાને દોઢ કલાક પછી મારા ઉપર ફોન આવ્યો કે તેઓ અવસાન પામ્યા છે.

તેઓ જે કબાટમાં કેશ રાખતા હતાં તે કબાટ અમે જયારે ખોલ્યો ત્યારે વિવિધ કવરની અંદર જે તે વિભાગની કેશ તેમણે ઉપર નામ લખીને વ્યવસ્થિત રીતે મૂકી હતી. આવા એક સજ્જન, પ્રમાણિક, ચોક્કસ એકાઉન્ટન્ટ અમને મળ્યા તે અમારું સદ્‌ભાગ્ય. સંસ્થાના પાયામાં આવા નાના ગણાતા માણસોએ તેમનું જરૂરી યોગદાન આપ્યું છે.

****

આઝાદીની લડતમાં અનેક કવિઓએ સ્વતંત્રતાના ગીતો લખ્યા. તેમાંના એક કલ્યાણજી મહેતા ખરા.મૂળ શિક્ષક, પરંતુ સ્વતંત્રતાની લડતમાં જોડાયા. તેઓ ગીત લખતા અને સરસ ઢાળમાં ગાઈ શકતા.

"કોની હાકે મડદા જાગે, કાયર કેસરી થઈ તડૂકે ?
ખેડૂતોના તારણહાર, જય સરદાર, જય સરદાર."

( ૩૧ ઓકટોબર - સરદાર જયંતી તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય )

## વેશ પરિધાન એ સંસ્કારિતાની પારાશીશી

"બેન ! કાલથી ગોરો શરૂ થાય છે. બેનો માટે ગણવેશમાંથી મુક્તિ રાખીશું ?"

'હા ..જરૂર, આટલા નાના બાળકો આ ઉંમરે ય આમ સંયમ કેળવી વ્રત કરે છે તો છો ને બિચારા પાંચ દિવસ સરસ કપડાં પહેરી આનંદ માણે', ને એમ વિચારી નાની છોકરીઓને માટે પાંચ દિવસ માટે ગણવેશમુક્તિ આપવામાં આવી. આમે ય આટલા નાના છોકરાઓ રંગબેરંગી કપડામાં કેવા સરસ પતંગિયા જેવા લાગે છે ! એમને જોતાં જ મન પ્રસન્ન થઈ જાય, અને એમાં ય ચણીયાચોળી ને પાછી ઉપર ઓઢણી.. એનો તો કંઈ ઠસ્સો જ ઓર પડે...

બાલમંદિરમાં નંદમહોત્સવની પ્રેકટીસ ચાલી રહી હતી, અને એ જોવા હું ગઈ, કેટલી બધી છોકરીઓ પેન્ટ અને ટીશર્ટમાં હતી ?... જીન્સ પહેર્યા હોય એટલે એ ફીટ જીન્સમાં ગરબો કરવો ય કયાંથી ફાવે ! અને વળી ટીશર્ટ , હાથ ઊંચો કરે ત્યાં અડધે સુધી તે ચડી જાય, સરસ મજાનાં રંગબેરંગી ઝૂલવાળા ફ્રોકમાં એ છોકરીઓ કેવી મીઠી લાગતી હોય છે ! ઈશ્વરે છોકરીઓને નાનપણથી જ એવી કુમળી,નાજુક અને સુંદર બનાવી હોય છે કે એવા સરસ ફ્રોકમાં કે ચણીયાચોળીમાં એ કંઈક જુદી જ દીપી ઉઠે છે, મીઠી લાગે છે. જ્યારે ગરબા જેવા કાર્યક્રમો હોય ત્યારે તો તેને અનુરૂપ ડ્રેસ જ સારો રહે.બાલમંદિરમાં કયારેય કાર્યક્રમ હોય ત્યારે આ બાબતની સતત ચિંતા માથા પર સવાર હોય, વાલી બૂમ પાડતાં આવે. 'બેન ! એવાં ચણિયાચોળી બજારમાં મળતાં જ નથી. બાંય ન હોય, બરડો ખુલ્લો રહે એવા જ ચણિયાચોળી બજારમાં મળે છે. કારણ આજે ટી.વી. અને ચલચિત્રોએ સંસ્કારી વાતાવરણમાં ભારે પ્રદૂષણ ફેલાવ્યું છે પણ આપણું બાળક જ્યારે આવા કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યું હોય ત્યારે એક મા તરીકે આપણી ભારતીય સંસ્કૃતિને છાજે એવા ચણિયાચોળી દરજી પાસે સીવડાવી ન શકાય ? પોતાના બાળકના વિકાસ અને પ્રોત્સાહન માટે મા આટલી ઉદાસીનતાં કેવી રીતે દાખવી શકે ? મોટી બાળાઓને પણ કેટકેટલી સૂચનાઓ આપ્યાં છતા ય બિલકુલ બાંય ન હોય, બરડો આખો ખુલ્લો હોય એવા ચણિયાચોળીવાળા ડ્રેસ પહેરીને કયારેક કાર્યક્રમમાં આવે છે જે ડ્રેસ આજે કોઈ રીતે રૂચીકર નથી હોતા. ભારતીય સંસ્કૃતિનું આપણને જ ગૌરવ ન હોય !

બાળક નાનું હોય ત્યારથી જ એને કેટલીક વસ્તુઓ માટે છીત અછીત ઉભી કરવી પડે છે. આજે આપણે ફરિયાદ કરીએ છીકે કે કોલેજમાં છોકરીઓ મર્યાદાશીલ વસ્ત્રપરિધાન કરતી નથી અને એટલે ડ્રેસકોડની જરૂર ઉભી થઈ છે. વર્તમાનપત્રોમાં રોજેરોજ બળાત્કાર ને અત્યાચારનાં સમાચારો આવે છે પણ તે બધા પાછળ આવા વસ્ત્રો એ પણ એક અગત્યનો ભાગ ભજવતું જવાબદાર પરિબળ છે. માણસની વૃત્તિઓને બહેકાવે તેવા વસ્ત્રપરિધાનનાં બીજ આવા બાળપણથી સમજણ નહીં ધરાવતા માબાપથી રોપાય છે અને પછી એક વખત એવો આવે આવે છે કે એ પરિસ્થિતિ આપણા નિયંત્રણમાં રહેતી નથી ને ત્યારે આપણે ફરિયાદ કરીએ છીએ. 'આજની નવી પેઢીને થયું છે શું?' ચારે બાજુ ઘેરા પ્રદૂષણમાં ઉછરતી આ નવી પેઢીને આપણે બહુ સાવચેતીપૂર્વક આ સમજ આપવી પડશે. માણસના વેશપરિધાન એ જ તેની સંસ્કારિતાની પારાશીશી છે. એક દીકરીના માબાપ તરીકે આપણે સતત યાદ રાખવું પડશે કે 'મહેકાવે તે સંસ્કૃતિ અને બહેકાવે તે વિકૃતિ'. ઉગતી પેઢીમાં આ સંસ્કારનું સિંચન કરવું એ આપણી સૌથી અગત્યની જવાબદારી છે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### સ્થાપનાદિન

તા.૧૨-૮-૦૫ને શુક્રવારે શારદામંદિરનો ૮૨ મો સ્થાપનાદિન હતો. આ નિમિત્તે.તા.૧૧-૮-૦૫ને ગુરુવારે બાલમંદિરમાં અને તા.૧૨-૮-૦૫ને શુક્રવારે શારદામંદિરમાં તે અંગે બાલપૂજનનાં કાર્યક્રમ યોજવામાં આવ્યા.

શારદામંદિરમાં બાળક હંમેશા કેન્દ્રસ્થાને રહયું છે અને એનાં પ્રતીકરૂપે વર્ષોથી સ્થાપનાદિનને દિવસે મુખ્ય અતિથિને હસ્તે બાલરથીનું પૂજન કરાવવાની પ્રણાલિકા ચાલી આવે છે.

તા.૧૧-૮-૦૫ને ગુરુવારે બાલમંદિરમાં સંસ્થાના ભૂતપૂર્વ વાલી અને વિદ્યાર્થી શ્રી યશપાલસિંહ ઝાલા મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. ગણપતિ સ્તુતિ, ત્યારબાદ મા સરસ્વતી દેવીની પ્રાર્થનાથી કાર્યક્રમનો શુભ આરંભ થયો. સંસ્થાના નિયામક મુ.શ્રી દિનુભાઈએ મુખ્ય મહેમાન અને સૌ મહેમાનોનું સ્વાગત કર્યું. ત્યારબાદ મુખ્ય અતિથિ શ્રી યશપાલસિંહ ઝાલાએ ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે પોતાના સંસ્મરણો યાદ કરી સંસ્થાની વિશિષ્ટતાઓ જણાવી હતી.ત્યારબાદ બાલરથીને લઈને બાળકોથી જ બનેલાં રથની સવારી આવી પહોંચી. 'આવે પેલો બાલરથી' ભાવવાહી સુમધુર સંગીતથી આખું ય વાતાવરણ હર્યુંભર્યું બની ગયું. મુખ્ય અતિથિએ કુંકુંમ તિલક કરી, અક્ષત ચોડી, મોં મીઠું કરાવી બાળરથીનું અભિવાદન કર્યું. ત્યારબાદ નાનકડી બાળાઓએ રંગબેરંગી ચણિયાચોળી ને ઓઢણીમાં સજ્જ થઈ 'હવામાં આજ વહે ધરતી કેરી ખુશખુશાલી' સમુહનૃત્ય રજૂ કર્યું ત્યારે તો વાતાવરણ એકદમ સ્વર, સંગીત અને તાલથી છલકાઈ ઊઠયું. 'ગુજરાતણને ગરબો ગળથૂથીમાંથી જ મળે છે' એનો આબેહૂબ ખ્યાલ તો 'એવા આવે છે શારદાના સાદ રે' ગરબાની રજૂઆતથી આવ્યો. ત્યારબાદ બાળકોએ 'હમ હોંગે કામીયાબ' શૌર્યગીત ખૂબ ઉત્સાહભેર અભિનય સાથે રજૂ કર્યું. અને છેલ્લે રંગબેરંગી ધજા ને ફૂગ્ગા લઈને જ્યારે બાળકો કૂચ કરતા મેદાનમાં આવ્યા ત્યારે તો અનેરા ઉત્સાહથી આખું ય વાતાવરણ ધમધમી ઉઠયું. છેલ્લે પ્રસાદ લઈ સૌ છૂટા પડયા. સ્થાપનાદિન નિમિત્તે તા.૧૩મીને શનિવારે સૌ બાળકોને શીરો અને શાક પીરસવામાં આવ્યા. બાળકોએ તે ખૂબ માણ્યા.

તા.૧૨-૮-૦૫ને શુક્રવારે શારદામંદિર વિનયમંદિર અને શિશુમંદિરમાં સંયુક્ત રીતે સ્થાપનાદિનનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. 'શારદા વિદ્યા દાયિની' મા શારદાની સ્તુતિ શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેન આનલ તથા ગાયકવૃંદના મધુર કંઠે રજૂ થઈ, ત્યારબાદ શાળાના નિયામક મુ.શ્રી દિનુભાઈએ મુખ્ય અતિથિ તરીકે પધારેલ જાણીતા સાહિત્યકાર અને શાળાનાં ભૂતપૂર્વ વાલી શ્રી વિનોદભાઈ અધ્વર્યુનું સ્વાગત કર્યું. શ્રી વિનોદભાઈએ પણ સૌ બાળકોને આશીર્વચન આપ્યાં.બાળકોનાં જ બનેલા રથ બાળરથીની સવારી લઈને આવી પહોંચ્યા. અતિથિ શ્રી વિનોદભાઈએ કુંકુંમ તિલક કરી એ સૌનું પૂજન કર્યું વિનયમંદિરની બહેનોએ ખૂબ સુંદર રીતે 'એવા આવે છે શારદાના સાદ રે' ગરબાની હલકમય રીતે રજૂઆત કરી અને પછી આવી બાલકૂચ, 'ચલો ચલો ચલો શારદમાના બાળ' બાલકૂચમાં બાળકોનો એ ઉત્સાહ અને ગૌરવ જ અનેરો હોય છે અને છેલ્લે રાષ્ટ્રગીત પછી કાર્યક્રમની સમાપ્તિ થઈ. પ્રસાદ લઈ સૌ છૂટા પડયા.

શાળાના બધાં જ કાર્યક્રમોમાં શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનલ વસાવડાનાં મધુર અને ભાવવાહી કંઠથી આખું ય વાતાવરણ ભાવનાથી મહેંકી ઉઠે છે.

## નંદમહોત્સવ

તા.૨૬-૮-૦૫ને શુક્રવારે બાલમંદિરમાં 'જન્માષ્ટમી' નિમિત્તે 'નંદમહોત્સવ' કાર્યક્રમ યોજવામાં આવ્યો. કૃષ્ણજન્મ, મટકીફોડ, નાગદમન જેવા કૃષ્ણજીવનના કેટલાક પ્રસંગોને બાળકોએ નૃત્યનાટિકાનાં સ્વરૂપે રજૂ કર્યા. બાળકોની અભિવ્યક્તિ અને અભિનય સાચે જ પ્રશંસાને પાત્ર હતાં. આટલા નાના બાળકો પોતપોતાને સોંપાયેલા પાત્રો એમાં તન્મય થઈને એવા તો સુંદર અને છટાદાર રીતે રજૂ કરતા હતાં કે તે જોઈ એવું લાગે કે આ બાળકોને જો યોગ્ય માવજત મળે તો ભવિષ્યમાં તેઓ સારા કલાકાર જરૂર બની શકે. કંસના પાત્રમાં ભાઈ બ્રીજ, યશોદાના પાત્રમાં બેન ગ્રેસી અરે ! પ્રધાનનું પાત્ર, સિપાઈ, નારદમુનિ, પ્રભાવતી, કૃષ્ણ, નાગદમનમાં કાળિનાગ અને નાગણો, નાનામાં નાના પાત્રે પણ મન દઈને તેમનો અભિનય કર્યો અને બેન આનલ તથા ગાયકવૃંદના સ્વર, સંગીત અને તાલથી આખોય કાર્યક્રમ એક સંભારણા જેવો બની ગયો. બાલવાડીનાં યુવરાજે ટોપલામાં બેસી એનાં હસતા વદનથી જાણે સાક્ષાત કૃષ્ણ કનૈયાના દર્શન કરાવ્યા. 'નંદ ઘેર આનંદ ભયો' ના નાદથી બાલમંદિરનું વાતાવરણ ગાજી ઊઠયું. અને ગોપાલકૃષ્ણ રાધેકૃષ્ણની ધૂનમાં તો જાણે બાળકો અને વાલીઓ સૌ મગ્ન થઈને ખોવાઈ ગયા. વાલીઓએ તાલીઓનાં ગડગડાટથી બાળકોને વધાવી લીધા.

## બાલમંદિર

૨૨ મી ઓગસ્ટના દિવસે બાલવાડીમા પાંચમી ટુકડીનું આગમન થયું. બાલમંદિરના વાતાવરણમાં પ્રેમ અને હૂંફ મળતા અને સાથે જુદી જુદી પ્રવૃત્તિ મળતા બાળકો જલ્દીથી ગોઠવાઈ જાય છે. પપેટ, નાટક, માંકડાનો ખેલ વડે બાળકોએ મનોરંજન મેળવ્યું. બાળકો મુક્ત વ્યવસાયના સાધનો નો ઉપયોગ કરે છે. સાથે દળવું, ખાંડવું, ચાળવું, ઘઉં વીણવા, અનાજ છૂટા પાડવા જેવી જીવનવ્યવહારની પ્રવૃત્તિ કરે છે. શિવપૂજન, ગણેશચતુર્થી, રક્ષાબંધન, મહાવીર જન્મ, સ્વાતંત્ર્ય દિન જેવા ઉત્સવોનું હાર્દ સમજાવી તે ઉત્સવો ઉજવવામાં આવે છે.

બાળકોએ જલારામ મંદિરની અને મીની ઝૂની મુલાકાત લીધી અને ખૂબ આનંદ માણ્યો.તા.૧૧-૮-૦૫ને ગુરુવારે શાળાના ૮૨મા સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| **મહેંદી સ્પર્ધા** | તા.૧૯-૭-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | ખુશાલી ત્રિપાઠી | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | મૈત્રેયી દિક્ષીત | ( રત્નદીપ ) |
| | અદ્વૈતા હળવદીયા | ( ધવલગિરિ ) |
| તૃતીય | સંજના દોશી | ( મેઘનાદ ) |
| | આયુષી શાહ | ( રત્નદીપ ) |
| | સિધ્ધાલી પ્રજાપતિ | ( ગંગોત્રી ) |

| **વકતૃત્વ સ્પર્ધા** | તા.૨૭-૭-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | યત્ન પટેલ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | નીલ વૈદ્ય | ( રત્નદીપ ) |
| | વિધિ ત્રિવેદી | ( ધવલગિરિ ) |
| તૃતીય | અમીત દેસાઈ | ( ગંગોત્રી ) |
| | પૌરીન શાહ | ( રત્નદીપ ) |

| **રાખડી સ્પર્ધા :** | તા.૧૮-૮-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | કેની શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | વિધિ વોરા | ( રત્નદીપ ) |
| | અદ્વૈતા હળવદિયા | ( ધવલગિરિ ) |
| તૃતીય | સૌમ્યા વાઘેલા | ( મેઘનાદ ) |

| **પારણા સ્પર્ધા** | તા.૨૬-૮-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | રાહિલ જાની | ( રત્નદીપ ) |
| દ્વિતીય | ધ્રુમા પરીખ | ( મેઘનાદ ) |
| | મોનિલ શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | મીત શાહ | ( ધવલગિરિ ) |
| | અનોલી શાહ | ( રત્નદીપ ) |

| **પંચાજીરી સ્પર્ધા** | ( સ્વાદ ) તા.૨૬-૮-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | યત્ન પટેલ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | સંજના દોશી | ( મેઘનાદ ) |
| | નૂપુર બ્રહ્મભટ્ટ | ( ગંગોત્રી ) |
| તૃતીય | પંક્તિ મહેતા | ( ધવલગિરિ ) |
| | નિસર્ગ શાહ | ( રત્નદીપ ) |

| **પંચાજીરી ડેકોરેશન** | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ ત્રિવેદી | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | પંક્તિ મહેતા | ( ધવલગિરિ ) |
| | યત્ન પટેલ | ( ગંગોત્રી ) |
| તૃતીય | મૈત્રેયી દિક્ષીત | ( રત્નદીપ ) |
| | પૌરવ ભગત | ( ધવલગિરિ ) |

| **નંદાવ્રત સાથિયા સ્પર્ધા** | તા.૧૦-૯-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | મિનોલી શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | વિરાજ પરીખ | ( ગંગોત્રી ) |
| તૃતીય | વિરતી શાહ | ( મેઘનાદ ) |
| | મનન સુતરીયા | ( મેઘનાદ ) |
| | કલગી શાહ | ( રત્નદીપ ) |

| **ગણપતિ સ્પર્ધા** | તા.૧૦-૯-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | ખુશાલી ત્રિપાઠી | ( ધવલગિરિ ) |
| | ધ્રુમા પરીખ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | હેલી સોપારકર | ( ધવલગિરિ ) |
| તૃતીય | યત્ન પટેલ | ( ગંગોત્રી ) |

તા.૧૨-૯-૦૫ને શુક્રવારના રોજ શાળામાં ચાલતા યુનિવર્સલ હાર્ટ હિલીંગના કાર્યક્રમનું નિદર્શન જોવા ગુજરાત રાજયના રાજયપાલ શ્રી નવલકિશોર શર્માજી શારદામંદિરમાં આવ્યા હતા અને નિદર્શનનો કાર્યક્રમ બિરદાવ્યો હતો.

તા.૫-૯-૦૫ના રોજ મહાવીર જન્મ વાંચન દિન નિમિત્તે મહાવીર સ્વામીના સ્તવન અને ધૂનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| **વકતૃત્વ સ્પર્ધા** | તા.૨૨-૭-૦૫ | |
|---|---|---|
| પ્રથમ | ખુશાલી શાહ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | કિર્તન ટંકશાળી | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | સંવિત શાહ | ( મેઘદૂત ) |
| | રીચા પાધડાર | ( ચંદ્રમૌલિ ) |

નિર્ણાયક તરીકે શાળાના ભૂતપૂર્વ વાલી શ્રી સરોજબેન વ્યાસે સેવા આપી.

| | | |
|---|---|---|
| **મહેંદી સ્પર્ધા** | તા.૨૯-૭-૦૫ | |
| પ્રથમ | વિધિ શાહ | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | ફોરમ પંડયા | ( ચંદ્રમૌલિ ) |
| | વાચા શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | રિધ્ધિ મહેતા | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | શિમોની શાહ | ( ગીતગોવિંદ ) |
| | પંક્તિ પટેલ | ( મેઘદૂત ) |
| | નિરાલી શાહ | ( પદ્મપુકુર ) |

**ક્વીઝ સ્પર્ધા** તા.૨૫-૮-૦૫

પ્રથમ મેઘદૂત ( ૧૨૦ ગુણ )

સંવિત શાહ , સાગર ત્રિવેદી , સ્તુતિ રાયબાગકર , શ્રધ્ધા શાહ

દ્વિતીય ગીતગોવિંદ ( ૧૦૦ ગુણ )

જીત લાવસી , નચિકેત દેસાઈ , સ્નેહ ઠક્કર , શૈલજા શાહ

દ્વિતીય પદ્મપુકુર ( ૧૦૦ ગુણ )

નિસર્ગ શાહ , દીપ શેઠ , દેવલ શાહ , દેશના શાહ

રાજીવ ગાંધી અક્ષય ઉર્જા દિન નિમિત્તે શાળા વિકાસ સંકુલનાં ઉપક્રમે યોજાયેલ દોડ સ્પર્ધામાં જોષી આર્જવ એમ. પ્રથમ આવી રૂ. ૧૦૧ નું ઈનામ મેળવ્યું છે. તથા ત્રિવેદી કૃતિએ બહેનોમાં રૂ.૧૦૧નું પ્રથમ ઈનામ મેળવ્યું છે.

તા.૧૬-૯-૦૫ને શુક્રવારે એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦,૧૧ ( સા.પ્ર. અને વિ.પ્ર.) માં પ્રથમ આવનાર બહેનોને અપાતી સ્કોલરશીપ અને એવોર્ડ વિતરણનો તથા શાળા તરફથી અપાતા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામોના વિતરણ વિધિનો કાર્યક્રમ યોજાઈ ગયો.

## સંસ્થાનું ગૌરવ

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નીરદ રાજેશકુમાર શુક્લએ બી.ઈ. રબ્બર ટેકનોલોજીમાં ગુજરાત યુનિવર્સીટીમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે અને ઈનોવેટીવ ટાયર અને ટયુબ્સ કંપનીમાં આસીસ્ટન્ટ એન્જીનીયર ઈન ટેકનોલોજી તરીકે નિમાયા છે.

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ સીવીલ એન્જીનીયર એન્ડ આર્કીટેક | દ્રષ્ટિ ઠક્કર | પ્રથમ ચંદ્રક |
| ઈન્ફીનીયમ ટોયોટા | રોહન ગોડિયાવાળા | ત્રીજું ઈનામ |
| | **કરાટે** | |
| યોગ એન્ડ માર્શલ આર્ટસ એકેડમી ઓફ ઈન્ડીયા | તનય વ્યાસ | ગોલ્ડન બ્રાઉન બેલ્ટ 1st |
| | **નિબંધ** | |
| અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા | ક્રિશ્ના શાહ ધો.૫ | દ્વિતીય |
| | યત્ન પટેલ ધો.૬ | પ્રથમ |
| | પૌરીન શાહ ધો.૭ | પ્રથમ |
| | શૈલ દવે ધો.૮ | દ્વિતીય |

લગભગ ગઈ કાલ સુધી હું આઠમાવાળો હતો. છેલ્લા બે એક વર્ષથી કેળવણીની દશા જોઈને હું વિચારમાં પડી ગયો છું. આપણો કોલેજનો વિદ્યાર્થી અને અનુસ્નાતક વિદ્યાર્થી પણ પોતાના વિષયના અંગ્રેજી પુસ્તકો અને સામયિકો વાંચવાની હિંમત ખોઈ રહ્યો હોય એવી પરિસ્થિતિ નજરે પડી રહી છે. કોઈ દસમાથી શરૂ કરાવીને અંગ્રેજી ચોપડી વાંચવા સુધી વિદ્યાર્થીને પહોંચાડતો હોય એથી રૂડું શું ? અને ત્રીજાથી શરૂ કર્યા વગર અંગ્રેજી ચોપડી વાંચવા સુધી પહોંચી શકાતું હોય તેમ પણ કરવું પડે.

અંગ્રેજીના શિક્ષણના પ્રશ્ન અંગે હું જો બેચેન હોઉં તો ~~[illegible]~~ રાજ સાથેના વિચ્છેદની તૈયારીમાં તો આપણે પડયા નથી ને ! એવી દહેશતને કારણે પૂરી જવાબદારી સાથે હું કહેવાની રજા લઉં છું કે ગુજરાતના યુવકો અંગ્રેજી પુસ્તકો છૂટથી વાંચી શકે એવી સ્થિતિમાં નહિ હોય તો જોતજોતામાં આ પ્રદેશનું જીવન અંધકારમય બનશે.

દક્ષિણના ચાર રાજ્યો અને પશ્ચિમ બંગાળ અને પંજાબ ત્રીજા ધોરણથી અંગ્રેજી ભણે અને ગુજરાત અંગ્રેજીમાં શક્તિ ન રોકવામાં ગૌરવ સમજે એમાં નર્યું ઘરખોયાપણું છે. (કેળવણીનો કીમિયો ૧૮ ઓકટોબર ૧૯૬૪)

ઉમાશંકર જોશી.

****

**એક ખરેખર પરાધીન દેશ -**

૧૮૩૫ને ફેબ્રુઆરીની બીજી તારીખે પાર્લામેન્ટમાં ભાષણ કરતા લોર્ડ મેકોલોએ જણાવ્યું હતું કે "મેં ભારતનો પૂરેપૂરો પ્રવાસ કર્યો અને એક પણ વ્યક્તિ ન જોઈ જે ભિખારી અથવા ચોર હોય. મેં આ દેશમાં એટલી બધી સંપત્તિ, ઊંચા મૂલ્યો , ઉચ્ચ બુધ્ધિ સામર્થ્ય ધરાવતા લોકો જોયા છે કે જ્યાં સુધી આ દેશનાં મૂળને જડથી નહીં ઉખાડીએ ત્યાં સુધી કદી તેને જીતી શકીશું નહી. આ દેશનું મૂળ એટલે તેનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો, અને તેથી હું ઈચ્છું છું કે આપણે તેના જૂના અને પ્રાચીન શિક્ષણ ક્ષેત્રને તેની સંસ્કૃતિને બદલાવીએ, જેથી ભારતીયો એવું માનતા થાય કે વિદેશી અને અંગ્રેજી તેમનાં કરતા વધારે સારુ અને મહાન છે. તો જ તેઓ સ્વાભિમાન અને સ્વસંસ્કૃતિ ગુમાવશે અને તેઓને જેવા ઈચ્છીએ છીએ તેવા જ તેઓ બનશે. એક ખરેખર પરાધીન દેશ.

****

માનસિક તાણ અનુભવતાં માબાપ તેમના બાળકના ગેરવર્તનને સમજવામાં ઘણીવાર ભૂલ કરે છે. ૧૯૯૪માં થયેલ સંશોધનના અભ્યાસ પ્રમાણે માનસિક તાણ અનુભવતાં માબાપ પોતાના બાળકને સમજી નહોતાં શકતાં. માબાપનો મૂડ પણ તેમના બાળકને સમજવામાં અગત્યનો ભાગ ભજવે છે. માનસિક તાણ અનુભવતાં માબાપની સારવારથી તેમના બાળકને જોવાનો તેમનો નજરિયો જ બદલાઈ ગયો.

****

**સૂચના : બાળગીતોની કેસેટો તથા અભિનય ગીતોની કેસેટો દરેક ત્રણ ભાગમાં તેની પુસ્તિકા સાથે શાળાનાં સ્ટોર્સમાંથી મળી શકશે. નંદમહોત્સવ અને સ્થાપનાદિનની સી.ડી. પણ મળી શકશે.ધો.૧ થી ૧૨ સુધી શાળામાં ગણવેશ બૂટ-મોજાં સહિત અનિવાર્ય છે. સૌ વિદ્યાર્થીઓ આ માટે સજાગ રહે.બાળકને શાળા શરૂ થવાના ૧૫ મિનિટથી વહેલા મોકલવું જ નહિ અને શાળા છૂટયા બાદ ૧૫ મિનિટ સુધીમાં બાળકને લઈ જવાની વ્યવસ્થા અચૂક ગોઠવવી.**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir 1924@yahoo.com